## વિભાગ A

**નીચેના પ્રત્યેક પ્રશ્નમાં આપેલા વિકલ્પોમાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરી સાચો ઉત્તર લખો : *[ પ્રત્યેકનો 1 ગુણ ]*** **4**

**1.** કઈ નૃત્યાંગનાએ પોતાનું આમ્રવન બુદ્ધના શરણે ધર્યું હતું?

(a) હિમાની (b) આમ્રપાલી

(c) ગણિકા (d) સારિકા

**2.** વેદકાલીન રાજ્યવ્યવસ્થા દરમિયાન 'સભા' નામની સંસ્થામાં મોટે ભાગે કોણ બેસતું?

(a) વડીલો (b) બાળકો (c) યુવાનો (d) મહિલાઓ

**3.** 'જિન' શબ્દ પરથી કયા સ્વામીના અનુયાયીઓ 'જૈન' કહેવાયા?

(a) મહાવીર સ્વામી (b) સહજાનંદ સ્વામી

(c) રામાનંદ સ્વામી (d) વિવેકાનંદ સ્વામી

**4.** કૌટિલ્યના અર્થશાસ્ત્રમાં કયા સિદ્ધાંતો પર પ્રકાશ પાડવામાં આવ્યો છે?

(a) રાજ્યના સિદ્ધાંતો (b) ધર્મના સિદ્ધાંતો

(c) નીતિના સિદ્ધાંતો (d) આપેલ તમામ

## વિભાગ B

**નીચેના પ્રશ્નોના એક-બે વાક્યોમાં ઉત્તર લખો :** **8**

***[ પ્રત્યેકનો 1 ગુણ ]***

**5.** પ્રાચીન ભારતનો પ્રથમ કાયદા ગ્રંથ કયો ગણાય છે?

**6.** હડપ્પા સભ્યતાનું રાજસ્થાનમાં આવેલું કયું સ્થળ 'કૃષિક્રાંતિ'નું મુખ્ય મથક મનાય છે?

**7.** મહાવીર સ્વામીના નિર્વાણસ્થાનનું નામ જણાવો.

**8.** કયા વેદમાં આર્ય અને અનાર્ય સંસ્કૃતિનો સમન્વય જોવા મળે છે?

**9.** ગૌતમ બુદ્ધનું મૂળ નામ શું હતું?

**10.** મહાપદ્માનંદે કયા વંશની સ્થાપના કરી હતી?

**11.** કૌટિલ્યે કયા ગ્રંથની રચના કરી હતી?

**12.** ઋગ્વેદમાં કેટલા સૂક્તો આવેલા છે?

## વિભાગ C

**નીચેના પ્રશ્નોના ટૂંકમાં ઉત્તર લખો :** *[ પ્રત્યેકના 2 ગુણ ]* **10**

**13.** "લોથલ હડપ્પીય સભ્યતાનું મહાન આર્થિક કેન્દ્ર હતું." સમજાવો.

**14.** મોહેં-જો-દડો અને ધોળાવીરામાં જોવા મળતી વિશેષતાઓ જણાવો.

**15.** "લિચ્છવી પ્રજાની એકતા અને શિસ્ત પ્રશંસનીય હતી." સમજાવો.

**16.** 'મહાજનપદ' એટલે શું? ભારતમાં કુલ કેટલાં મહાજનપદ હતાં?

**17.** મૌર્ય સામ્રાજ્યના વિદેશો સાથેના સંબંધોની સમજૂતી આપો.

## વિભાગ D

**નીચેના પ્રશ્નોના મુદ્દાસર ઉત્તર લખો :** *[ પ્રત્યેકના 3 ગુણ ]* **12**

**18.** બિન્દુસાર વિશે ટૂંક નોંધ લખો.

**19.** કનિષ્કની સિદ્ધિઓ જણાવો.

**20.** બ્રાહ્મણગ્રંથો વિશે ટૂંક નોંધ લખો.

**21.** જૈન ધર્મની આધ્યાત્મિક બાબતો વિશે સમજૂતી આપો.

## વિભાગ E

**નીચેના પ્રશ્નોના સવિસ્તર ઉત્તર લખો :** *[પ્રત્યેકના 4 ગુણ]* **16**

**22.** ઈતિહાસ લેખન અંગેનાં અલિખિત સાધનો વિશે જણાવો.

**23.** ઉપનિષદમાં વર્ણવાયેલી આધ્યાત્મિક વિચારધારાની સમજૂતી આપો.

**24.** અનુવૈદિક ભારતમાં મહિલાઓના સ્થાન વિશે જણાવો.

**25.** મૌર્ય સામ્રાજ્યના પતન બાદની રાજકીય પરિસ્થિતિની સમજૂતી આપો.